સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

હવામાન ક્યારે પલ્ટાય, કંઈ કહેવાય નહીં!
નેતા જેમ ક્યારે લે પલ્ટી, કંઈ કહેવાય નહીં!
કંઈ કહેવાય નહીં કે એ ધૂજાવી નાખે ક્યારે -
કરી દે ક્યારે એ રેબઝેબ, કંઈ કહેવાય નહીં!
(નેતાઓ / હવામાન)

હાઈકુ

અપહરણ -
ચોરી, લૂંટ ને ખૂન..
એ સ્માર્ટ સીટી...

હાથે કરીને
માર્યો પગે કુહાડો...
જાગો મનપા!

('ગાંધીનગર'ને હજુ થોડીકવાર છે) (હવે ભર્યા કરો વેરા)

ચિંતન

दुर्जनाः परिकर्तव्यः सद् भावैर्मंडितो अपि ।

ચાણક્યનીતિનું આ શ્લોક છે :

'સદ્‌ભાવ યુક્ત હોય તો પણ દુર્જનનો તો ત્યાગ જ કરવો જોઈએ.'

દુષ્ટ વ્યક્તિ બહારથી ભલે વિનય યુક્ત દંભી આચરણ કરી ભલભલાને છેતરી ખોટી-સારાપણાંની છાપ ઊભી કરે. તેને ઉપરછલ્લાં વાચનથી થોડીઘણી દેખાવની વિદ્વતા પણ પ્રાપ્ત કરી હોય, વળી વ્યક્તિઓ આકર્ષવા હાથ જોવા, કુંડળી જોવી ચહેરાનો અભ્યાસ કરવા જેવી યુક્તિઓ પણ મેળવી હોય તો પણ તેવી વ્યક્તિ પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી તેની સાથેની મૈત્રી વર્જ્ય છે.

આવી દંભી-લુચ્ચી વ્યક્તિની મૈત્રીથી લાભ-ફાયદા કરતાં નૂકશાન વિશેષ થાય છે.

મણિધર હોય પણ નાગ એ નાગ છે તેનો વિશ્વાસ ન જ થાય.

સુવિચાર

- જે માણસ ટીકા કે નિંદા સાંભળવા છતાં સ્થિર રહીને ઈશ્વર સ્મરણ કરે છે તે આત્મિક પ્રગતિ સાધી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બુદ્ધિનો પ્રદેશ પૂરો થાય ત્યાંથી આગળ શ્રદ્ધાનો માર્ગ શરુ થાય છે - **આદિલ રીઝવાન**
- ઈશ્વર પણ ઉસ્તાદોનો ઉસ્તાદ છે, એટલે જ એણે આપણને એટલાં લાંબા હાથ નથી આપ્યા કે આપણે જાતે જ આપણી પીઠ થાબડી શકીએ - **ઝેન કથન**
- ભૌતિક સંપત્તિ માણસે સંભાળવી પડે છે, જયારે આધ્યાત્મિક શક્તિ માણસને સંભાળે છે - **જીવનસૂત્ર**
- રાધા તારી પાછળ બબ્બે કાના !! તો પણ 'કાના' પાછળ ઘેલી કાં તું !! - **દુલા કાગ**
- મારા ટીકાકારોએ જેટલા પુસ્તક વાંચ્યા છે તેટલા મેં વાંચ્યા હોત તો હું પણ તેમના જેટલો જ બેવકૂફ બની ગયો હોત - **રૂઝવેલ્ટ**
- આજનું ઔષધ : સાંધાના દુઃખાવામાં એક ચમચી ચોખ્ખા ઘીમાં અડધી ચમચી તજનો પાઉડર મિક્સ કરી બપોરના જમ્યા પછી લેવો. દુખાવો મટી જશે. **(સંકલન : દીપક વી. આસરા)**

બોધકથા

સૌની સાથે પ્રેમથી રહેવું - હસતાં-રમતાં જીવવું આનંદની વહેંચણી કરવી એ જ સાચો ધર્મ છે.

'હસતાં બુદ્ધ' આજે ઘણા ઘરમાં 'વાસ્તુ' સંદર્ભમાં જોવા મળે છે. ચીનમાં તેને 'લાફિંગ બુદ્ધ' કે 'હેપી ચાઈનામેન' તરીકે ઓળખે છે, જાપાનમાં તેમને 'હોટાઈ' કે 'બુદાઈ' પણ કહે છે. એ જાડા-પાડા ને સદાય હસતા રહેતા અને એના ખભે થેલામાં ચોકલેટ બિસ્કીટ અને નાનાં રમકડાં રહેતા. એ રમતાં નાના બાળકો માટે હતા. બાળકો સાથે હસી મજાક કરી નાની-મોટી બોધકથા કહી - નાની નાની ભેટ-સોગાદ આપતા-બાળકો તેમની સદાય ઉત્કટતાથી રાહ જોતા.

એક ઈર્ષાળુ સાધુ તેમને મળ્યા અને ગુસ્સામાં પૂછ્યું. બૌધધર્મના તત્ત્વજ્ઞાન અને ધર્મને તમે સમજો છો?

લાફિંગ બુદ્ધાએ તેમની તરફ નમ્ર-વિનયી દૃષ્ટિથી જોયું અને કહ્યું, તમે એ બધું જાણો છો એ જાણી મને ખૂબ જ આનંદ થયો.

અને થેલો ખભે નાખી ચાલતા થયા.

આસામમાં ભગવો ફરકાવવાની કવાયત

આગામી દિવસોમાં જે રાજયોમાં વિધાનસભાની ચૂંટણી થનાર છે એમાં પૂર્વોત્તરના આસામ પર એનડીએની વિશેષ નજર રહેવાની છે. આસામ અને પશ્ચિમ બંગ બેઉ રાજયોમાં બાંગ્લાદેશી મુસલમાનો મોટા પાયે ઘુસણખોરી કરતા રહ્યા છે. આંશિક રીતે સહાનુભૂતિ અને માનવતા દર્શાવીને ત્યાંના શાસક પક્ષે એમના પ્રત્યે કૂણું વલણ દાખવ્યું છે તે જગજાહેર છે; પરંતુ એની આ અનુકંપા પાછળ વોટબેંકનું રાજકારણ છુપાયેલું છે તે પણ હવે કોઈની અજાણ્યું નથી. ભારતીય જનતા પાર્ટી આ બેઉ સરહદી રાજયોમાં બાંગ્લાદેશી ઘુસણખોરોનો મુદ્દો ઉઠાવી લોકમત પોતાની તરફેણમાં કરવા કૃતસંકલ્પ છે. આસામમાં અવારનવાર ફાટી નીકળતી કોમી હિંસા પાછળ પણ આવાં તત્ત્વો જવાબદાર હોવાનું મનાય છે. હવે સ્થાનિક પ્રજાની સહનશીલતાની અવધિ આવી ગઈ છે અને સવિશેષ યુવા વર્ગ એમની રંજાડમાંથી મુક્ત થવા કૃતસંકલ્પ બની રહ્યો છે. ગત લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ધાર્યા કરતાં વધુ સફળતા સાંપડી હતી. આસામમાંથી ભાજપને સાત બેઠકો મળે તે બાબત જ વર્ષોથી એકચકી શાસન ચલાવી રહેલી કોંગ્રેસ માટે અને એના 'હેટ્રિક' મારતા રહેલા મુખ્યમંત્રી તરૂણ ગોગોઈ જેવા ધુરંધર નેતા માટે વળતાં પાણી થઈ રહ્યાના સંકેત હતી. આવો અણધાર્યો દેખાવ કરી શકાયો એનાં પાયામાં મૂળે આસામ ગણ પરિષદ સાથે સંકળાયેલા યુવા નેતા સર્વાનંદ સોનોવાલના લડાયક નેતૃત્વનો સિંહફાળો રહ્યો છે. વડાપ્રધાન મનમોહનસિંહ આસામામાંથી રાજયસભાના સદસ્ય તરીકે ચૂંટાતા રહ્યા હોવા છતાં આસામ પછાત રહ્યું હોવાની રજૂઆત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રજાને ભાજપ તરફ વાળવા મથી રહ્યા છે. જો કે, આસામમાં રાતોરાત કોંગ્રેસને નામશેષ કરવાનું તેઓ ધારે છે એટલું સહેલું પણ નથી જ. આસામમાં ભાજપનો કોઈ ભાવ પૂછતું નહોતું ત્યારે પાર્ટી ઊભી કરનારા અને સંઘની વિચારધારાને ચુસ્તપણે અમલ કરનારા

તંત્રીસ્થાનેથી....

અગ્રણીઓને બાજુએ મુકી કેન્દ્રીય નેતાગીરીએ આસામ ગણ પરિષદ છોડી ભાજપમાં સામેલ થયેલ આ પ્રતિભાશાળી 'હિંદુ' નેતાને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા, એટલું જ નહીં, એમને કેન્દ્રમાં રમતગમત વિભાગના મંત્રી પણ બનાવ્યા. હવે જયારે વિધાનસભાની ચૂંટણીમાં પડઘમ વાગી રહ્યાં છે. ત્યારે શ્રી સર્વાનંદ સોનોવાલને પાર્ટીએ મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે પ્રોજેક્ટ કરીને નવો દાવ અજમાવ્યો છે. સામાન્ય રીતે અત્યાર સુધી થયેલી વિધાનસભાની ચૂંટણીમાં દિલ્હીને બાદ કરતાં પાર્ટીએ મુખ્યમંત્રીપદના ઉમેદવારનું આગોતરું નામ જાહેર નથી કરેલું. દિલ્હીમાં કેજરીવાલ સામે પ્રતિભાના જોરે ટકી શકે એવાં કિરણ બેદીને રાતોરાત પાર્ટીમાં લાવી મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરાયાં ત્યારે એનું વિપરીત પરિણામ આવ્યું હતું. મહારાષ્ટ્ર અને હરિયાળા જેવાં રાજયોમાં ચૂંટણીમાં વિજય મેળવવા માટે મોદીનું જ નામ કારગત નીવડ્યું હતું, પરંતુ બિહારમાં મહાગઠબંધનના 'દૂલ્હા' નીતીશકુમાર સામે મૂકવા લાયક ચહેરો નહીં મળતાં એ લડાઈ મોદી વિરુદ્ધ નીતીશકુમાર જેવું સમીકરણ બની ગયું જેમાં નીતીશકુમારનો ભવ્ય વિજય થતાં મોદીનો જાદુ ઓસરી ગયો હોવાનાં એંધાણ મળ્યાં હતાં. આસામમાં કદાચ ધારી સફળતા ન મળે તો પણ પોતાના નામ પર હારની ઠીકરું ન ફોડાય એની તકેદારી લેખે અગાઉથી મુખ્યમંત્રીપદના ઉમેદવારનું નામ જાહેર કરી મોદીએ પોતાની આસપાસ રક્ષાકવચ ઊભું કરી દીધું છે. તરૂણ ગોગોઈ સતત ત્રણ ટર્મથી કોંગ્રેસને ભવ્ય વિજય અપાવતા રહ્યા છે, પણ છેલ્લા કેટલાક સમયથી એમની સામે પક્ષનાં જ વર્તુળોમાં અસંતોષ ઊભો થયો છે.એ પૈકી ગોગોઈના વિકલ્પે મુખ્યમંત્રીપદના દાવેદાર ગણાતા હેમંતો ભાજપ સાથે ભળ્યા છે; વળી કોંગ્રેસની ગોગોઈ સરકાર સામે 'એન્ટી ઈન્કમ્બન્સી' ફેકટર પણ વ્યાપક પ્રમામાં દેખાઈ રહ્યો છે. સોનોવાલ જેવી કોરી સ્લેટમાં કરિશ્મા વિશેષપણે હિંદુત્વ અને યુવા નેતૃત્વના નામે ચાલી જાય તો આસામમાં ભાજપનો ભગવો ફરકાવી શકાય એવી ધારણામાં તથ્ય છે.

પાલતું પ્રાણીઓની વિવિધતા

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

ગત લેખમાં આપણે પ્રારંભ કર્યો હતો તે વાતને આગળ વધારીએ તો દેશમાં જોવા મળતાં ઘોડાઓની છ બ્રીડ પૈકી કાઠિયાવાડી અને મારવાડી ઉપરાંત મણીપુરી સ્પીટી ભુટીયા અને ઝંસ્કારીનો સમાવેશ થાય છે. ભુટીયા, સ્પીટી અને ઝંસ્કારી ઘોડાઓની ઓલાદ કદમાં નાની અને હિમાલયના પર્વતી ક્ષેત્રોમાં ધીમી ગતિએ ચાલવા માટેની લાયકાત ધરાવતી છે.

દેશમાં ઊંટની મુખ્ય બ્રીડમાં બિકાનેરી, કચ્છી, મેવાડી અને જેલસ મેરી છે. વિશ્વમાં ઊંટની મુખ્ય બે જાતિઓ છે. એક બેકટેરીયન અને બીજી અરેબિયન અથવા ડ્રોમેડરી. ભારત દેશોમાં અરેબિયન કેમલની ઓલાદો જોવા મળે છે. આપણાં ગુજરાતમાં કચ્છી બ્રીડ જાણીતી છે. દરિયાઈ વિસ્તાર ભાગમાં કદમાં નાની ખરાઈ બ્રીડ જાણીતી છે.

શુષ્ક અને રણ પ્રદેશમાં વહન માટે ઊંટનું સ્થાન અન્ય કોઈ પ્રાણી લઈ શકે તેમ નથી. રણ પ્રદેશના લોકો માટે તે 'કામધેનુ' સમાન છે. દૂધ, માંસ, ચામડું, વાળ અને આવન-જાવન માટે તે મહત્વનું બની જાય છે. આપણી ભારતીય સેનામાં. 'કેમલ પ્લાટુન' અલગ છે. જે સીમા સુરક્ષા તથા યુદ્ધના સમયે ખુબ જ ઉપયોગી બની જાય છે. આજે ભારતીય સેનામાં તેની ઘટ્ટ પડી રહી છે. પોલીસ તથા સીમા સુરક્ષાદળમાં તેમની જરૂરિયાત પુરી પાડવા માટે ખાસ ઊંટ ઉછેર કેન્દ્રો પણ શરુ કરવામાં આવેલા છે.

વર્ષ ૨૦૦૭ની વસ્તી ગણતરી મુજબ રાજયમાં ૮૫૭૫ જેટલા ઊંટ છે. કચ્છી ઊંટ દૂધ પણ સારા પ્રમાણમાં આપે છે. રેતાળ વિસ્તારમાં તે ૧૬૦૦ કિલો જેટલું વજન કલામાં ૫ કિલોમીટરની ઝડપે વહન કરી શકે છે.

આપણાં દેસમાં મુરાહ, નીલી રાવી, ભદાવરી, સુરતી, જાફરાબાદી, મહેસાણી, નાગપુરી અથવા ઈલીચપુરી અને ટોડા એમ (આઠ) પ્રકારની ભેંસોની ઓલાદ (બ્રીડ) મુખ્યત્વે જોવા મળે છે. આપણા રાજયમાં જાફરાબાદી, મહેસાણી, સુરતી અને બન્ની એમ ૪ પ્રકારની ઓલાદો છે. રાજયની બધી જ ભેંસની ઓલાદોના નામ તે કયા વિસ્તારમાં જોવા મળે છે તે આધારે તેના નામ અપાયા છે. જાફરાબાદ વિસ્તારની સ્થાનિક ભેંકના આફ્રિકન ભેંસ સાથેના સંકરણ પરિણામે તે ઓલાદને જાફરાબાદી નામ અપાયેલ છે. જે જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને જામનગર જિલ્લા વિસ્તારોમાં જોવા મળે છે.

'મહેસાણી' ઓલાદની ભેંસ નામ પ્રમાણે મહેસાણા, પાટણ, સિદ્ધપુર, વીજાપુર, કડી, કલોલ તથા રાધનપુર ભાગમાં જોવા મળે છે. 'મહેસાણી' ઓલાદની ભેંસને ઑલિવર નામના વૈજ્ઞાનિકે વર્ષ ૧૯૩૮માં અલગથી વર્ગીકૃત કરી હતી.

એશિયા ખંડના મોટામાં મોટા અને ઉત્તમ ગુણવત્તાવાળા ઘાસિયા પ્રદેસ તરીકે જે વિસ્તારનું નામ છે તે રાજયના બન્ની વિસ્તારમાં જોવા મળતી ભેંસની ઓલાદને 'બન્ની' નામ અપાયુ છે. આ વિસ્તારમાં બલુચ અને અફઘાની વિસ્તારના માલધારીઓ સ્થળાંતર કરીને આવ્યા હતા. ત્યારે તેમની પરંપરાગત પદ્ધતિ દ્વારા તેમને ખાસ લક્ષણો ધરાવતી બન્ની ઓલાદ વિકસાવી હતી.

ભેંસનું વૈજ્ઞાનિક નામ બુબાલસ બુબાલસ (bubalus bubalis) છે. તેને સામાન્ય રીતે 'વૉટર બફેલો' (પાણીની ભેંસ) પણ કહે છે. ભેંસનો ઉદ્‌ભવ એશિયા ખંડમાં થયો હોવાનું મનાય છે. ત્યારબાદ તે ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, યુરોપ અને ઉત્તર અમેરિકામાં ફેલાઈ હતી. મનુષ્યો દ્વારા હજ્જારો વર્ષથી તેને દૂધ અને ભારવહન માટે પાલતું બનાવવામાં આવી છે. મોટા ભાગના દેશોમાં તેને માંસ માટે ઉછેરવામાં આવે છે જયારે આપણાં દેશમાં અને ખાસ કરીને આપણાં રાજયમાં દૂધ ઉછેર માટે તેને પાળવામાં આવે છે. રાજયમાં તે 'શ્વેત ક્રાંતિ'નો મુખ્ય આધાર છે. તેના પરિણામે ઘણાં કુટુંબો આર્થિક રીતે નિર્ભર થયા છે.

(વધુ આવતા અંકે...)

ગીવ ધેમ સમ સનસાઈન, ગીવ ધેમ સમ રેઈન....!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

૨૦૧૦થી ૨૦૧૩ સુધીના સમયગાળામાં ૧૫ થી ૩૦ વર્ષ સુધીની ઉમરના મૃત્યુ પામેલા લોકોના (યુવાનો-યુવતીઓના) મોતના કારણો જોઈએ તો પેટ અને છાતીની બીમારીથી મોત પામેલાની ટકાવારી લગભગ ૭%, વાહન અકસ્માતોમાં મોત પામેલા લગભગ ૧૪%, બીજા અન્ય કારણોથી અકસ્માત મૃત્યુ પામેલા લગભગ ૧૧% જેવા હતા. અહી સુધી તો બધું બરાબર છે પણ ચોકાવનારી વાત હવે આવે છે. કેમકે આ બધા જ કારણો ઉપરાંત અને આ બધાથી વધુ લગભગ ૧૮% જેવા મૃત્યુનું કારણ હતું - આત્મહત્યા... સુસાઈડ ...આપઘાત !!! આઈ હોપ કે તમે પહેલી જ લાઈનમાં લખેલી "૧૫ થી ૩૦ વર્ષ ની ઉમર"એવું ધ્યાનથી વાંચ્યું જ હશે. વાત ટકાવારીમાં દેખાય છે એટલી સાવ સીધી ને સટ નથી જ કેમકે આ ૧૫ થી ૩૦ વાળો જુમલો આખીયે વાતને વધુ ગંભીર અને સમહાવ એટલું જ કરુણ પણ બનાવવા માટે પુરતો છે કેમકે આ છે યુવાનોની અકાળે થતા અંતની વાત અને ૨૦૧૩ પછીના વર્ષોના આગળ આવનારા આંકડાઓ પર નજર નાખતા જ મામલો વધુ ગંભીર થઈ જવાનો.

આપણા નેતાઓ, છાપા - મેગેજીનો, ટીવી ચેનલો ચિલ્લાઈ ચિલ્લાઈને એ વાત વારંવાર કહી રહ્યા છે કે ભારતની મહતમ આબાદી યુવાનોની છે. હિન્દુસ્તાન પાસે અઢળક યુથપાવર છે એની નાં નહિ પણ સાથે સાથે યુવાનો / યુવતીઓમાં વધતું આત્મહત્યાનું પ્રમાણ પણ એટલું જ ચિંતાજનક છે. આગળ લખ્યા એ આંકડા તો ૨૦૧૦ થી ૨૦૧૩ સુધીના જ હતા પણ એનાથી પણ લેટેસ્ટ આંકડાઓ યુવાધનમાં વધતી જતી સુસાઈડની માનસિકતા કહો કે પછી વિટંબણા કહો એના વિષે વધુ દર્દનાક પ્રકાશ પાડે છે. સરકારી સ્ટાર્ટઅપ યોજનાઓ કે પછી સહાયો છતાં પણ દેશમાં યુવાઓમાં આપઘાતનો રેસીયો વધતો જાય છે . ભણતરનો ભાર ગણો કે પછી સામાજિક રીતરીવાજો કે પછી સપનાઓના બાળમરણો...કારણ તો ઘણા હશે અને છે પણ છતાયે વાસ્તવિકતા એ છે કે યુવાનોમાં ખાસ કરીને ૧૫ થી ૪૦ વર્ષ સુધીના ઉમરગાળામાં આપઘાત એ જ આખરી ઉપાય એવી માનસિકતા કે મજબૂરી વધુને વધુ દેખાઈ રહી છે.

વાતને વધુ ગંભીરતાથી લેવી હોય તો છેલ્લા એકાદ મહિનાના સ્થાનિક કે પછી રાષ્ટ્રીય અખબારોના પાનાં ફેરવી જોવા. લગભગ દરરોજ છાપાના કોઈને કોઈ પાનાં પર આપઘાતના સમાચાર મળી જ જશે. હૈદરાબાદ યુનિવર્સિટીનો કમભાગી રોહિત હોય કે પછી કોટા રાજસ્થાનથી બહાર આવેલા સીરીઝ ઓફ સુસાઈડના સમાચારો હોય... તામીલનાડુની પ્રાઈવેટ મેડીકલ કોલેજમાં ફીના મામલે ત્રણ યુવતીઓએ કરેલી આત્મહત્યા હોય કે પછી આપણી જ આસપાસ છત પરથી, પંખાના હુક પર કે પછી રેલ્વે ટ્રેક કે કેનાલોમાં પડીને જીવની આહુતિ આપતા લોકો હોય ...લગભગ મોટાભાગના આવા કરુણ બનાવોમાં મરનારની ઉમર આ ૧૫ થી ૩૫ની આસપાસમાં જ હશે. ઈનફેક્ટ રાજકારણને બાજુ પર રાખીએ તો પણ રોહિત અને કોટામાં થયેલા આપઘાતોના બનાવો ક્યાંકને ક્યાંક એ વાત પર ચિંતા કરવા મજબુર કરે છે કે યુવાધન કેમ આટલી જલ્દી જિંદગીથી હાર માની જાય છે ? એવી તે કઈ ખામી છે આપણી સીસ્ટમમાં કે પછી આપણા સામાજિક તાણાવાણામાં કે આંખોમાં સ્વપ્નાઓનો સાગર ભરીને નીકળેલા આ તરવૈયાઓ એ જ સપનાના સાગરમાં મધદરિયે ડૂબી જાય છે...?? સવાલ જેટલો પેચીદો છે એટલુ જ અટપટું છે આનો જવાબ શોધવો ...!!!

હમણાં જ રીલીઝ થયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના આંકડાઓમાં એક કારણ મળી આવે છે. બ્યુરો કહે છે કે પરીક્ષામાં ફેઈલ થવાને લીધે આપઘાત કરનારાઓની ટકાવારી મહજ ૨% જેટલી જ છે . ઈટ મીન્સ આ સિવાય પણ બીજા કારણો છે જ જો કે કમભાગ્યે વિદ્યાર્થીકાળમાં થયેલા આપઘાતોમાં પરીક્ષામાં ફેઈલ થવાના કારણ સિવાયના કારણો પણ છે તો શિક્ષા વ્યવસ્થા સાથે જ જોડાયેલા..!!! બ્યુરોના આંકડા તો એમ કહે છે કે ૨૦૧૪મા વિદ્યાથીઓ કરતા તો નોકરી કરતા લોકોમાં આપઘાતનું પ્રમાણ ઊંચું હતું. પણ એનાથી એ વાતની ગંભીરતા ઓછી નથી થઈ જતી કે ૨૦૧૪માં બનેલા લગભગ દોઢ લાખ જેટલા આપઘાતના બનાવોમાં (મતલબ દર કલાકે અંદાજે ૧૫ આપઘાત) ૪૧% જેવી સંખ્યા એ લોકોની હતી જેમની ઉમર ૧૪ થી ૩૦ વર્ષ વચ્ચે હતી . ડ્રગ , દારુ અને હથીયારો એ પશ્ચિમના યુવાધનોમાં આપઘાતનું મુખ્ય કારણ છે તો એ જ રીતે ભણતરમાં નિષ્ફળતા અને ખાસ કરીને પરીક્ષાઓનો તણાવ એ હિન્દુસ્તાનમાં થતા મહતમ યુવા આપઘાતોનું મુખ્ય કારણ છે જ એમાં કોઈ બેમત નથી.

યસ એ વાતથી ઈનકાર નાં થઈ શકે કે ઉપરોક્ત ૪૧% માં બધા જ આપઘાતના બનાવો પાછળ પરીક્ષા, ભણતર કે સફળ થવાનો સ્ટ્રેસ જ કારણભૂત હશે પણ વન ઓફ ધ રીઝન તો એ જ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. આગળ લખ્યું એમ ગૃહકંકાસ, બીમારી, કૌટુંબિક કલેશ, દહેજ, અકસ્માતો, ખેતીમાં નિષ્ફળતા અને પ્રેમ કે ધંધામાં નિષ્ફળતા એ આ સિવાયના કારણો છે પણ ખાસ કરીને યુવાવર્ગના આપઘાતોમાં તો એકમાત્ર અને વધુ જોવા મળેલું કારણ શિક્ષણ વ્યવસ્થા જ છે. આપઘાતોનું એપિક સેન્ટર બની ગયેલું અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના કોચિંગ કલાસીસ માટે પ્રખ્યાત કોટામાં છેલ્લા પાંચ વર્ષોમાં થયેલા ૧૦૦ જેટલા વિદ્યાથીઓના આપઘાતમાં એકલા ૨૦૧૪ માં જ આ સંખ્યા ૨૯ જેટલી છે . આ આંકડાઓ એ સૂચવે છે કે સફળ થવું - ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ સાથે એ ખરેખર જાનલેવા છે. બ્યુરોના આંકડા હજુ વધુ પ્રકાશ પાડતા કહે છે કે ૨૦૧૪માં થયેલા આપઘાતોના બનાવોના ૬૪% બનાવોમાં મરનારની અથવા એના કુટુંબની વાર્ષિક આવક ૧ લાખથી પણ ઓછી હતી અને મરનાર દર છ વ્યક્તિમાંથી એક હતી ગૃહિણી ..!!! ઈનફેક્ટ કોટાના બનાવો પછી તો ખુદ હાઈકોર્ટ પણ ચોંકી ગઈ અને રાજ્ય સરકારને આવા અકાળે અવસાનોને રોકવા શુ કર્યુ એનો રીપોર્ટ આપવા પણ તાકીદ કરી.

પાછલા થોડા વર્ષોમાં આડેધડ ફૂટી નીકળેલી એન્જીન્યરીંગ અને મેડીકલ કોલેજો અને એમાં પણ મોટાભાગની સરકારના કોઈ પણ નિયંત્રણ વગર મનફાવે એવી ફી વસુલતી પ્રાઈવેટ કોલેજો, ઉપરથી મા-બાપો તરફથી બાળક પર સતત સફળ અને શ્રેષ્ઠ થવાનું દબાણ...સામાજિક પ્રતિષ્ઠા અને અવ્વલ રહેવાની આંધળી દોટ ... આ બધા દબાણો સામે જીંક જીલીને બહાર નીકળેલાને મળતી બેરોજગારીની માર ...સરવાળે હતાશા , નાસીપાસ અને છેલ્લે સપનાઓની સાથે સાથે ખુદનો પણ સુસાઈડ...!!! સરકારો પરીક્ષા હેલ્પ લાઈનો સુધી જ હજુ તો સીમિત છે. કેન્દ્ર સરકાર અને માનવ સંશાધન મંત્રાલય શિક્ષકોને આવા નાસીપાસ થયેલા વિદ્યાથીઓનું કૌનસ્લીંગ કરવાની સલાહ આપે છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આપઘાતોના બનાવો વધતા જાય છે. જેની પાસે જ્ઞાન હશે તેની પાસે ધન હશે એ પ્રાચીન સુવાક્ય ઉલ્ટું થઈ રહ્યું છે. શિક્ષણ સામાજિક સેવાથી આગળ વધીને ધંધાનું રૂપ પકડી ચુક્યું છે અને એમાં ભળી ચુક્યા છે આર્થિક અને સામાજિક ભેદભાવો, અને એને લીધે નીચલા અને મધ્યમવર્ગને સતત પછડાટ મળી રહી છે. મોંઘુ

અનુસંધાન પાના નં. ૭ પર

પાઠ્યપુસ્તક મંડળ, અભ્યાસક્રમ અને ગુજરાતી ભાષા - એક અજાણ્યું સત્ય

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણે સૌ જાણીએ છીએ કે આપણી માતૃભાષા ગુજરાતીમાં આ વર્ષે દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. એ એક વિશ્વરેકોર્ડીય દુઃખદ ઘટના છે. પોતાની માતૃભાષામાં એક સાથે આટલા બધા વિદ્યાર્થીઓ નાપાસ થાય એ વિશ્વની તમામ ભાષામાં કદાચ પહેલી વાર બન્યું હશે. આ ઘટના પછી અખબારોએ, વિદ્વાનોએ, શિક્ષણશાસ્ત્રીઓએ કે સાહિત્યકારોએ સરકારનો દોષ કાઢ્યો, તો કોઈએ શિક્ષણ વિભાગનો તો કોઈએ પાઠ્ય પુસ્તક બનાવનાર મંડળનો કે કોઈએ શિક્ષકોનો... પણ એની પાછળની આપણી સૌની અંગ્રેજી ભાષાની ઘેલછા અને લાલસાનો દોષ નથી જોયો. અંગ્રેજી ભાષા પ્રત્યેના આકર્ષણની આ પરાકાષ્ઠાએ ભલભલાની આંખ ઉઘાડી નાખી છે. આ પરિણામ કેમ સુધારવું એ માટે સરકાર તરફથી તો બધા જ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ વાલીઓની જાગૃકતા પણ એટલી જ જરુરી છે. આવા સમયે આપણે મોટાભાગે પાઠ્યપુસ્તક મંડળ કે શિક્ષકોને દોષિત માનીને નકારાત્મક વિચારવા ટેવાયેલા હોઈએ છીએ. આપણે એ નથી જાણતા હોતા આ પાઠ્યપુસ્તકો સરકાર કે મંડળ નથી બનાવતા પણ સજજ અને અભ્યાસુ શિક્ષકો દ્વારા જ નિર્માણ પામે છે. આની પાછળ એ દૃષ્ટિકોણ એ પણ છે કે જે શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં હોય છે. એ પોતાના કલાસના વિદ્યાર્થીઓની વય પ્રમાણે એમને શું ગમે છે. એમના માટે શું જરુરી છે. એ સારી રીતે જાણતા હોય છે. રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ આ માટે ગુજરાતભરમાંથી શ્રેષ્ઠ શિક્ષકોના વિષય પ્રણામે બાયોડેટા મંગાવે છે અને એમાંથી ૨૫-૩૦ જેટલા ઉત્તમ, નિષ્ઠાવાન અને અભ્યાસુ, શિક્ષકોને વિષય પ્રમાણે અને ધોરણ પ્રમાણે પસંદ કરી કોઈ એક સ્થળે ત્રણ દિવસીય કે પાંચ દિવસીય બેઠક યોજે છે.

આ પાઠ્યપુસ્તક બનાવવા માટેની એક આદર્શ માર્ગદર્શિકા પણ બનાવવામાં આવી છે. જેની મુખ્ય બાબતો જોઈએ તો વિદ્યાર્થીઓ વય અને ધોરણ પ્રમાણે સહેલાઈથી સમજી શકે એવું વિષયવસ્તુ, જેમાં શહેરી તેમ જ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના વ્યવહારિક અનુભવો અને પૂર્વજ્ઞાન સાતે સુસંગત હોય, બિનજરુરી લંબાણ ના હોય, દેશની એકતા માટે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેનતા પ્રગટે તેવા વિષયોની પસંદગી કરવી, લેખકોના વ્યક્તિગત પૂર્વગ્રહો ન હોય તેનું ધ્યાન રાખવું, સ્વતંત્રતા મેળવવા માટે જે તે સમયે કરેલા સંઘર્ષની સમજ આપવી. સ્ત્રી - પુરુષની કાર્યસિદ્ધિ અને સમકક્ષતાનું જ્ઞાન આપવું, છૂટાછેડા, કુંવારાપણું, વૈધવ્ય અને પુનર્લગ્ન સ્ત્રી માટે નિંદા ગણાવતા ઉલ્લેખો સ્ત્રીના દરજ્જાને માટે હાનિકારક નીવડે છે. તેથી આવી બાબતોથી દૂર રહેવું, રાષ્ટ્રને સાર્વભોમ, બિન સાપ્રદાયિક પ્રજાસત્તાક બનાવવાનો સંકલ્પ પ્રગટ કરે એવી સાહિત્યલક્ષી રચનાઓ વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું ઘડતર કરવું. આપણા સમાજમાં દહેજ, કન્યાવિક્રય જેવા દુષણો છે. તેનાથી થતી હાનિ વિશેની જાણકારી વિદ્યાર્થીને મળે એવી બાબતો અભ્યાસક્રમમાં આવરી લેવી તો વળી રાજય અને દેશની આર્થિક વિકાસયાત્રા, સામાજિક સાંસ્કૃતિક કાર્યક્રમો, વૈજ્ઞાનિક પ્રગતિની અદ્યતન માહિતી પણ યોગ્ય રીતે આપવી.

આમ આવી અનેક બાબતો આવરી લેતી કૃતિઓની પસંદગીની અનેક બેઠકો થાય છે. આ બેઠકો માટે પસંદ થયેલા શિક્ષકો જુદા જુદા સ્વરુપની, સર્જકોની, વિષયોની ઉત્તમ કૃતિઓ લાવે છે અને દરેક કૃતિનું પઠન થાય છે. એના તમામ પાસાઓ પર ખુબ ઊંડી ચર્ચા વિચારણા થાય છે. કોઈ એવા શબ્દો હોય, વાક્ય કે ભાવ હોય... એના સકારાત્મક - નકારાત્મક અભિગમ પર એની મૂલવણી કરીને પછી એ કૃતિની પસંદગી કે નાપસંદગી સર્વાનુમતે કરવામાં આવે છે. આ માટે અગાઉથી ભાષા સાહિત્યના નિષ્ણાતો દ્વારા એના સાહિત્ય સ્વરુપો - યુગો, વ્યાકરણ, વિષયો નક્કી કરેલા હોય છે. અને આ ચૂનંદા શિક્ષકો એ રાહ પર અભ્યાસક્રમ બનાવે છે. દરેક ધોરણ માટે આ રીતે અભ્યાસક્રમ નક્કી કર્યા બાદ તેની ઉપર એક 'સમીક્ષા સમિતિ' ની રચના કરવામાં આવે છે. જેમાં જે તે ધોરણના શિક્ષકો, અધ્યાપકો અને વિદ્વાનોની એક ટીમ નક્કી કરીને એમની બેઠક બોલાવવામાં આવે છે. અને દરેકને આ નક્કી થયેલા અભ્યાસક્રમની હસ્તપ્રત આપવામાં આવે છે અને સામુહિક રીતે દરેક કૃતિઓનું વાંચન, ચર્ચા વિચારણા અને એકદમ ઝીણી ઝીણી વીગતોથી એની મૂલવણી કરવામાં ઓવ છે. પસંદ થ